અપીલ અરજી નં.૩૫૯ તા.૧–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ એન બથવાર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન બથવારની તા. ૨૨–૯–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સૈયદવાડા, પ્રણામી મંદિરની પાછળ મિલકત નોંધ નં. ૧૨/૨૨૫૮નાં નવા ચારમાળનાં આર.સી.સી. સ્લેબ,બીમ,અને કોલમ સહિતનાં બાંધકામનાં પ્લાનની મંજુરીની અને રજાચિઠ્ઠીની માહિતની નકલ મુદ્દા નં.(૨) સદર મિલકતમાં નવા આર.સી.સી.બાંધકામ અંગે પરવાનગીનાં તમામ ડોકયુમેન્ટ પેપરોની માહિતીની નકલો આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૯/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ એન બથવારની તા. ૨૨–૯–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સૈયદવાડા, પ્રણામી મંદિરની પાછળ મિલકત નોંધ નં. ૧૨/ ૨૨૫૮નાં નવા ચારમાળનાં આર.સી.સી. સ્લેબ,`બીમ,અને કોલમ સહિતનાં બાંધકામનાં પ્લાનની મંજુરીની અને રજાચિઠ્ઠીની માહિતની નકલ મુદ્દા નં.(૨)સદર મિલકતમાં નવા આર.સી.સી.બાંધકામ અંગે પરવાનગીનાં તમામ ડોકયુમેન્ટ પેપરોની માહિતીની નકલો આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે માહિતી અંગે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૪૧ તા.૮–૧૧–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યા બાદ કોઈ નારાજગી હોય તો મુદ્દાસહ આધાર સહ સ્પષ્ટ કરવા તથા તેઓ માહિતી મેળવવા ઉત્સુક અને ઈચ્છુક છે કે માત્ર સુનાવણી રખાવવા ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ / આ.નં. ૧૫૧૮ તા.૧૭–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૬૯ તા.૨૪–૧૦–૧૧ ના પત્રની નકલ, અરજદારને દસ્તાવેજની નકલો પૂરી પાડયા અંગેની પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૯૬ તા.૧૫–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૬–૧૧–૧૧ નો પૂરક વિગતોનો પત્ર મળેલ છે.

અરજદારની તા. ૨૨–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે બાબતે અરજદારને નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ નહી મળ્યો હોવાનું જણાવી તા.૧–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નંસે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૬૯ તા.૨૪–૧૦–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં. (૧ ) સૈયદવાડા, પ્રણામી મંદિરની પાછળ મિલકત નોંધ નં. ૧૨/ ૨૨૫૮નાં નવા ચારમાળનાં આર.સી.સી. સ્લેબ, `બીમ,અને કોલમ સહિતનાં બાંધકામનાં પ્લાનની મંજુરીની અને રજાચિઠ્ઠીની માહિતિની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨)સદર મિલકતમાં નવા આર.સી.સી.બાંધકામ અંગે પરવાનગીનાં તમામ ડોકયુમેન્ટ પેપરોની માહિતીની નકલો આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલકતમાં રીપેરીંગની જાણ કરવા અંગેની અરજી આવેલ છે. જેમાં રજૂ કરેલ ડોકયુમેન્ટ પેપરોની નકલના નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ–૩ પાનાનાં રૂા.૬/– ભર્યે મળી શકશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૯૧૪૦૦ તા.૪–૧૧–૧૧ થી રૂા.૬/– ભરપાઈ કરેલ જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૯૬ તા.૧૫–૧૧–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આથી અરજદારને સદર મિલકતના નવા આર.સી.સી. બાંધકામની પરવાનગીના ડોકયુમેન્ટ સહિતની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજી સબંધે પાઠવેલ પૂરક વિગતોમાં રીપેરીંગની મંજુરી મેળવી ત્રણ માળનું બાંધકામ તથા શહેર વિકાસ અધિકારી ધ્વારા શું કાર્યવાહી કરે છે તેમજ ગેરકાયદેસર બાંધકામનો રાફડો ફાટયો હોવાનું અને

શહેર વિકાસ વિભાગના આંખ આડા કાન કરેલ હોવાની મુળ અરજીથી અલાયદા ફરીયાદ અને કાર્યવાહીને લગતા રજૂ કરેલ પ્રશ્નો અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદારે મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ કાર્યવાહીને લગતા પ્રશ્નો અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશનર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,